# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૨–૦૭–૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરમાં હાઈટેક હોર્ટિકલ્ચરઅને કૃષિક્ષેત્રે રોકાણ વિશે માર્ગદર્શન

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે હાઈટેક હોર્ટિકલ્ચર તથા કુષિક્ષેત્રે રોકાણ અંગે જાણકારી માટે એક સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં સંયુકત ખેતી નિયામક,ગાંધીનગર શ્રીએસ.જે.સોલંકી તથા ડી.ઝેડ.પટેલ તથા નવસારીના ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી વિનોદ દેસાઈએ માહિતીપ્રદ વકતવ્યો રજૂ કર્યા હતા.

કાર્યક્રમના આરંભે ચેમ્બરના ઉપપ્રમુખશ્રી રોહિત મહેતાએ આમંત્રિતોને આવકાર આપ્યો હતો અને સ્વાગત વકતવ્યમાં તેમણે કહયું હતું કે,દક્ષિણ ગુજરાતમાં સુરત જે રીતે ટેક્ષ્ટાઈલ,જરી અને ડાયમન્ડ ઈન્ડસ્ટી માટે જાણીતું છે એ રીતે જ દક્ષિણ ગુજરાતમાં કૃષિ પણ ઉદ્યોગ જેટલું જ મહત્વ ધરાવે છે. આ વિસ્તારમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગને પણ વિપુલ તકો છે.આ ક્ષેત્રને પ્રોત્સાહન મળી રહે એ આશયથી આજના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે અને એ વિષયના નિષ્ણાત વકતાઓ આપણી સાથે છે ત્યારે આ ક્ષેત્રમાં રસ ધરાવનારાઓને એનો લાભ મળશે.

સેમિનારની પૂર્વભુમિકા સમજાવતાં ચેમ્બરની એગ્રો ફૂડ પ્રોસેસિંગ કમિટીના ચેરમેન ડો.વી.કુમારે કહયું હતું કે,ભારતમાં ઉત્પન્ન થતી ખેત પેદાશોનો મોટો જથ્થો બજાર સુધી પહોંચતા પહેલા જ નાશ પામે છે.અનાજ,ફળ,શાકભાજી અને ડેરી ઉત્પાદનો માટે ફૂડ પ્રોસેસિંગ મહત્વની બાબત છે.આજના આપણા વકતાઓ એ ક્ષેત્ર માટેની વિવિધ સરકારી યોજનાઓની જાણકારી પણ આપશે.

સેમિનારના મુખ્ય વકતા અને ગુજરાત રાજયના જોઈન્ટ ડાયરેકટર ઓફ એગ્રીકલ્ચર શ્રી.એસ.જે.સોલંકીએ કૃષિક્ષેત્રમાં રહેલી તકો વિશે પ્રેઝન્ટેશન સાથે વકતવ્ય રજૂ કર્યું હતું. તેમણે કહયું હતું કે,ખેતીમાં પણ વેલ્યુ એડિશન થઈ શકે છે.ગુજરાત માં બાજરી,ડાંગર,મકાઈ,ઘઉં જેવા અનાજ તથા તેલીબિયા,બાગાયત પાકોમાં પણ વેલ્યુ એડિશન થઈ રહયું છે.અનાજના ઉત્પાદન બાદ એડવાન્સ પ્રોસેસિંગની જરૂર છે. ઓન ફાર્મ, ફાર્મ ગેટ અને ઓફ ફાર્મ પધ્ધતિ, એડવાન્સ પ્રૌસેસિંગમાં જોવા મળે છે, જેમાં ખેડુતો ધ્વારા સારી ગુણવત્તા વાળા પાકનુ ઉત્પાદન તેમજ બજારમાં મોકલવા પહેલા ગ્રેડીંગ, સોર્ટિંગ અને પેકિંગની પ્રક્રિયા થાય છે જયારે ઓફ ફાર્મમાં કેમીકલના ઉપયોગથી ઉત્પાદનને લાંબો સમય ટકાવી રાખવાની પ્રક્રિયા થાય છે. વિદેશમાં હવે સેન્દ્રિય ખેતી ધ્વારા મળતા ઉત્પાદનોની માંગ વધી છે. તેમજ ફળોમાં કેળા, કેસર કેરી, વલસાડી ચીકુ તેમજ શાકભાજીમાં કાંદા તથા બટાટા માટે કોલ્ડ સ્ટોરેજ જરૂરી છે. સરકાર ધ્વારા કોલ્ડ સ્ટોરેજ અને પ્રોસેસિંગ એકમોને વિવિધ યોજના હેઠળ લોન તથા સબસીડીની સહાય આપવામાં આવે છે. દક્ષિણ ગુજરાતમાં ફુડ પ્રોસેસીંગ તથા કોલ્ડ ચેઈન અને કલેકશન સેન્ટરના ક્ષેત્રમાં વિપુલ તકો રહેલી છે.

સેમિનારના બીજા વકતા નવસારીના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી વિનોદ દેસાઈએ કૃષીક્ષેત્રે રોકાણ વિષે વિસ્તૃત જાણકારી આપતુ પ્રેઝન્ટેશન રજુ કર્યુ હતું. તેમણે કહયું હતું કે, દેશ ભરમાં કૃષી ક્ષેત્રે ૬૦ જૂદા જૂદા ઝોન છે, જેમાં દક્ષિણ ગુજરાતને કેરી તથા શાકભાજી માટે નોટીફાઈ કરવામાં આવ્યા છે. દક્ષિણ ગુજરાતના વિકાસ પાછળ સહકારી મંડળીઓ અને સ્થાનિક બજારનો ફાળોપણ મોટો છે. ટુંક સમયમાં ફલોરી કલ્ચરમાં પણ સુરત વિશ્વ સ્તરે નામાંકિત થશે. તેમણે બુહારી, ડોલવણ, બારડોલી તથા નવસારી વિસ્તારના વિવિધ કલસ્ટરોની જાણકારી આપી હતી તથા ફલોરી કલ્ચરમાં આવી રહેલા નવા પ્રોજેકટોની વિગતો સમજાવી હતી.

સેન્દ્રીય ખેતી અને વર્મી કમ્પોસ્ટ પ્રોજેકટને કેન્દ્ર તથા રાજય સરકાર ધણો પ્રોત્સાહન આપે છે તે રીતેજ કોલ્ડ સ્ટોરેજ પ્રોજેકટ તથા વેરહાઉસ માટે પણ કેપીટલ સબસીડી વ્યાજ સબસીડી તથા ઈલેકટ્રીયક સબસીડી પણ આપવામાં આવે છે. તેમણે સુરતના ઉદ્યોગપતિઓને કૃષીક્ષેત્રે રોકાણ માટેની વિપુલ તકો ઝડપી લેવા અનુરોધ કર્યો હતો.

ગ્રુપ ચેરમેન શ્રી પરેશભાઈ પટેલે આભારવિધ આટોપી હતી.